## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

આવે સવાર રાતની, મારી તો રાત રહી ગઈ,
કહેવી'તી અનેક વાત, બધી મનમાં રહી ગઈ,
કરતી ગઈ દ્વાર બંધ કાનના ઉર્મિઓ મૂંગી -
થઈ ગયો સૂનકાર, ને યાતનાઓ રહી ગઈ.

### હાઈકુ

ભૂંસાઈ ગઈ
ભાતીગળ રંગોળી -
યાદોનો ઢગ !

વિલાયા સૂર
ને આવી ગઈ ધાક !
થ્યો સૂનકાર

### ચિંતન

**મર જાઉં માંગૂ નહીં અપને તન કે કાજ ।**
**પરમારથ કે કારણ મોહિ ન આવે લાજ ॥**

ઉપરોક્ત સાખી કહત કબિરામાંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે કે હું ભલે મરી જાઉં પણ મારા પોતાના માટે કદી પણ કોઈની આગળ હાથ લાંબો ન કરું, પણ જો માગવાથી પરમાર્થ થતો હોય તો એવી યાચના કરવામાં મને લાજ આવે નહીં.

સાધુની ખુમારી વૈરાગ્ય છે. વૈરાગ્યનું ફળ ત્યાગ છે. ત્યાગનો આધાર અયાચકવૃત્તિ છે. સાધુ માટે અયાચક વ્રત સૌથી મોટું અને શ્રેષ્ઠ તપ કહેવાય. બીજાં ઉપવાસઆદિ વ્રતો કરે, ન કરે પણ જો અયાચકવ્રતનું દૃઢતાથી પાલન કરે તો તેની સાધુતા દીપી ઊઠે. જે કબીર મરી જવા સુધી યાચક તવા નથી માગતો તે જ કબીર એક અપવાદ પણ ઊભો કરે છે. જો કોઈ પરમાર્થ થતો હોય તેવા હેતુ માટે યોગ્ય પાત્ર પાસે યાચના કરવામાં પણ નાનમ નહીં અનુભવે. સાત્ત્વિક સાધુ કદી પણ રાજસિક કે તામસિક દાતા પાસે યાચના કરતો નથી. પણ સાત્ત્વિક દાતા પાસે જ યાચના કરે છે. સાત્ત્વિક દાતા દુર્લભ હોય છે, પણ ખરા, પરમાર્થ પણ એવો અને એટલો જ કરવો જોઈએ કે જેથી તમારે હલકા માણસો આગળ હાથ ફેલાવવો ન પડે. હલકા માણસો આગળ હાથ ફેલાવવા માટે તમારે જાતે પણ હલકા થવું પડે. હલકાપણું અને ખુમારી સાથે રહી ન શકે.

### સુવિચાર

- સત્ય કહો, સ્પષ્ટ કહો, કહો ન સુંદર જુઠ, ચારે કોઈ ખુશ રહે, ચાહે કોઈ જાયે રુઠ - **કમલ ત્રિપાઠી**
- પહેલા પાપ કરીને પછી તેનું પ્રાયશ્ચિત કરવું એ કીચડમાં પગ નાખીને ધોવા જેવું જ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ધીરજ એટલે, રાહ જોવાની ક્ષમતા નહિ, પણ,
  રાહ જોતી વખતે સ્વભાવને કાબુમાં રાખવાની ક્ષમતા - **અશ્વિન પંડ્યા**
- કોઈ પણ ચીજ પોતાના કમાયેલ પૈસાથી ખરીદો, બધા જ શોખ આપોઆપ ઓછા થઈ જશે - **વજુ કોટક**
- પુસ્તકની જેમ વ્યક્તિઓને પણ વાંચતા શીખવું પડશે,
  કારણ કે પુસ્તકો જ્ઞાન આપે છે અને વ્યક્તિઓ અનુભવ... - **અમૃતકુંભ**
- દિશાઓ ફેરવો કાં તો વિચારો ફેરવી નાખો,
  રહે જો દૃશ્ય એનું એ જ તો બારી નવી નાખો - **ભાવિન ગોપાણી**
- આજનું ઔષધ : હરડે ને ખૂબ ઉકાળી તે પાણી ઠંડુ પડે પછી તે પાણી વડે ખસ કે ખંજવાળ વાળી જગ્યાએ દિવસમાં ત્રણ ચાર વાર ધોવાથી રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મહારાજા રણજિતસિંહ જનસામાન્યની સુખાકારી ખૂબ કાળજી લેતા હતા. પોતે સર્વોપરી સત્તા ધરાવતાં હોવા છતાં પોતાને 'ખાલસા'ના પ્રથમ સેવક ગણતા હતા. એકવાર મહારાજ સુરજિતસિંહ રસ્તા પરથી પસાર થતા હતા. ત્યારે અચાનક એમના પર એક પથ્થર વાગ્યો. સૈનિકો પથ્થર મારનારને શોધી લાવ્યા જોયું તો એક વૃદ્ધાએ આ પથ્થર ફેંક્યો હતો. એ વૃદ્ધા તો મહારાજા સામે થરથર ધ્રુજી રહી હતી. તે કરગરવા લાગી અને બોલી 'મહારાજા, મને માફ કરો, મારો ઈરાદો આપને પથ્થર મારવાનો હોય જ નહીં, આ તો ભૂલથી તે આપને વાગી ગયો.' સૈનિકે પૂછ્યું.'આ પત્થર ફેંકવાનું કારણ શું' વૃદ્ધાએ કહ્યું, 'મહારાજા, મેં બે દિવસથી કસું ખાધું નથી. ઘરમાં એક દાણો નથી. એટલે આ વૃક્ષ ઉપરનું ફળ મેળવવાની લાલચે મેં પથ્થર ફેંક્યો હતો. અજાણતા આપને વાગી ગયો.' સૈનિક ગુસ્સે થઈ કંઈક કહેવા જતો હતો ત્યાં મહારાજાએ એને અટકાવ્યો. મહારાજાએ કહ્યું, 'આ વૃદ્ધાને સન્માનપૂર્વક મુક્ત કરો અને એને બક્ષીસ રુપે એક સો રુપિયા આપો.' સૌ આશ્ચર્યમાં પડી ગયા. મહારાજાને પથ્થર મારનારને બક્ષીસ ? આ તે કેવું ? સેનાપતિએ કહ્યું, 'મહારાજ, ક્ષમા કરજો. પણ જેને શિક્ષા મળવી જોઈએ, તેનું સન્માન કેવી રીતે થઈ શકે ? વળી આપતો આ ગુનેગાર વૃદ્ધાને બક્ષીસ આપવા માંગો છો!' મહારાજાએ કહ્યું, 'સેનાપતિ, પથ્થર મારવાથી આ મહિલાને જડ વૃક્ષ જો મીઠાં ફળ આપતું હોય, તો પંજાબ કેસરી રણજિતસિંહ એને ખાલી હાથે કેવી રીતે જવા દે ??' વૃદ્ધ મહિલાએ મહારાજની જય બોલવી આશીર્વાદ આપી વિદાય લીધી.

# જમ્મુ અને કાશ્મીરમાં ત્રાસવાદીઓનો જુલમ

તંત્રીસ્થાનેથી...

કૂતરાની પૂછડી ભોંયમાં દાટવામાં આવે તો પણ વાંકી ને વાંકી જ રહે છે. પાકિસ્તાન આખી દુનિયામાં થૂ-થૂ થઈ ગયું છે; એની ઓળક હવે એક દેવાળિયા દેશ તરીકે પ્રસ્થાપિત થઈ ચૂકી છે. પરંતુ એની ત્રાસવાદી પ્રવૃત્તિઓ સતત ચાલુ છે. છેલ્લા થોડા દિવસો દરમિયાન પાક પ્રેરિત અને સમર્થિત ત્રાસવાદીઓએ જમ્મુ અને કાશ્મીરના પુંચ વિસ્તારમાં તથા શ્રીનગર જેવા શહેરી વિસ્તારમાં કાળો કેર વરતાવી દીધો છે. જડબેસલાક પોલીસદળ અને અર્ધ લશ્કરી દળો ચોવીસે કલાક ખડેપગે ફરજ બજાવતાં હોવા છતાં ધોળે દિવસે કાશ્મીરમાં આજીવિકા ખાતર વસી ગયેલા પર પ્રાંતીય શ્રમિક વર્ગથી લઈ હિંદુ અને શીખ સમુદાયની વ્યક્તિઓ પર જીવલેણ હુમલા થયા છે. શિક્ષણ જગત સથે સંકળાયેલ કાશ્મીરી પંડિત અને શીખ આચાર્યાથી લઈ ગરીબ પાણીપૂરી વાળાઓને રહેંસી નાખવામાં આવ્યા છે. પદ્ધતિસરના હુમલામાં એમની આઈડી કાર્ડ જોઈ તપાસીને એમને ગોળીએ દેવાયેલ છે. એ જ રીતે પોલીસ અને આર્મીના બાતમીદાર પરિવારનો લક્ષ્ય બનાવાયેલ છે. બસો નામ 'હિટ લિસ્ટ' માં હોવાનું બહાર આવ્યું છે, જેમાં બિન કાશ્મીરી ધંધો રોજગારવાળા લોકો અને કાશ્મીરી પંડિતોનાં નામ સામેલ છે. આખા જમ્મુ અને કાશ્મીરને લગભગ લશ્કરના હવાલે કરી દેવાયું હોવા છતાં ત્યાં રહેનાર નાગરિકો અને સવિશેષ કાશ્મીર બહારના લોકોના માથે મોત ઝળૂંબી રહ્યું છે. ત્રાસવાદીઓની આ નવી શૈલી પછી ફરી એકવાર કાશ્મીરમાંથી મોટા પાયે હિજરત શરૂ થઈ ગઈ છે. સરકાર ગમે તેટલું આશ્વાસન આપે પણ જીવના જોખમ સાથે કાશ્મીરમાં રહેવા કોણ તૈયાર થશે ? સરકારે પોલીસ દળમાં બિન કાશ્મીરીઓ અને હિંદુ તથા શીખોની ભરતીનો વિકલ્પ અજમાવવાનું જાહેર કર્યું છે, જો કે એથી કાશ્મીર બિન મુસ્લિમો અને પરપ્રાંતિયો માટે સલામત બની જશે એવી કોઈ ગેરંટી નથી. ફારુક અબ્દુલ્લા જેવા પાકિસ્તાન પરસ્ત સિનિયર કાશ્મીરી નેતા આ પ્રકારની જઘન્ય હિંસાને વખોડે છે અને કાશ્મીર ભારતનો જ અભિન્ન ભાગ હોવાનું નિવેદન કરી હુમલાખોરો 'કાશ્મીરી' નહીં હોવાની રજૂઆત કરે એથી બિન કાશ્મીરી અને બિન મુસ્લિમોના માથે ઝળૂંબતો મોતનો ભયે લશ માત્ર ઓછો થવાનો નથી. સૈનિકો રોજના હિસાબે શહીદ થતા રહે છે. ત્રાસવાદીઓ હણાતા નથી. સરહદ નજીકની ઝાડીઓણાં એમને શોધવા ગયેલા ભારતીય સૈનિકો ગુમ થતા રહે છે. ઘણા દિવસો પછી એમનાં શબ હાથ લાગે છે. આનો અર્થ એ જ થાય છે કે પાક પ્રેરિત ત્રાસવાદીઓ બહુ જ મોટી તૈયારી સાથે જમ્મુ અને કાશ્મીર પર ત્રાટક્યા છે. અમિત શાહે ગોવામાં ત્રાડ નાખીને પાકિસ્તાન સખણું નહીં રહે તો ફરી વાર સર્જિકલ સ્ટ્રાઈક કરવાની ધમકી આપી હતી. એથી પાકિસ્તાનના પેટનું પાણી પર હાલ્યું નથી. ત્રાસવાદીઓએ એમનાં લક્ષ્યાંકો પૂરાં કરવા માટે પૂરી તૈયારી કરી લાગે છે. જેહાદી ત્રાસવાદીઓને મોતનો ડર હોતો જ નથી. એમની પાસે અદ્યતન શસ્ત્ર સામગ્રી હોય છે અને પાક કમાન્ડો પણ એમની સાથે ભળેલા હોય છે. ભારતીય સેના આ બધું જાણે છે. કેન્દ્ર સરકાર પણ બધી બાબતોથી વાકેફ હોય છે પણ પાકિસ્તાન એની નાપાક હરકતો ક્યારેય છોડવાનું નથી. એકને બદલે એકાવન સર્જિકલ સ્ટ્રાઈકો કરવાથી પણ એને સંપૂર્ણ રીતે શાંત કરી શકાશે નહીં, એ વાત કેન્દ્ર સરકારે અને ભારતીય સેનાએ સમજી લેવાની જરૂર છે. પાકિસ્તાનની આ નાગડદાઈ પાછળ ચીનનું પણ છૂપું સમર્થન છે. લદ્દાખથી લી અરુણાચલ સુધી ચીની એની સેના ખડકી દીધી છે. ભારતને પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદીઓ દ્વારા હુમલા કરાવી ઉશ્કેરવાની યોજના ચાલી રહી છે જેવું ભારત પાકિસ્તાન સામે પ્રતિકારાત્મક હુમલો કરે કે તરત યુદ્ધ ફાટી નીકળવાની સંભાવના છે. કાશ્મીરનો મુદ્દો તો એક બહાનું છે. જમ્મુ અને કાશ્મીરમાં ૩૭૦મી કલમ અમલમાં હતી ત્યારે પણ પાકિસ્તાન ક્યાં સખણું રહેતું હતું ? અત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર સામે કાશ્મીરના તમામ પાક પરસ્ત તમામ નેતાઓ એકજૂટ થયેલ છે. એમના કહેવાથી ૩૭૦મી કલમનું પુનઃસ્થાપન થવાનું નથી. વળી કાશ્મીરમાં સેનાના કહેવાતા જુલમની ખોટી ઘટનાઓ પણ પાકિસ્તાન અને ચીન ચગાવી રહેલ છે. આ બધી બાબતો આખરે વધુ એક ભારત-પાકિસ્તાન યુદ્ધ તરફ દોરી જાય છે. દેવાળિયા પાકિસ્તાનને લુચ્ચા ચીનનો પૂરે ટેકો છે. અમેરિકાએ જે રીતે અફઘાનિસ્તાનમાં પીછેહઠ સ્વીકારી લીધી એ પછી ભારત એની પાસે લશ્કરી સમર્થનની અપેક્ષા રાખે તે વધારે પડતું જ લેખાશે. ભારતે ચીન અને પાકિસ્તાનની સંયુક્ત તાકાત સામે એકલા હાથે ઝઝૂમવાની તૈયારી રાખવી પડશે.

# ચાલ, ચાંદનીમાં નહાવા જઈએ

અજવાળું - અજવાળું

તુષાર જોશી

"આહાહા... કેવા મજાના એ દિવસો હતા.... ને આજે પણ છે કારણ કે મારી સાથે આજે ફરીવાર તું છે."

અભિષેકે આશાને વ્હાલથી વળગીને કહ્યું... આશાએ કહ્યું 'હું તારી આવી વાતોમાં ત્યારે પણ નહોતી આવી ને આજે પણ નહિ આવું, તું તારી આ પત્નીને જ આવી વાતોમાં ફસાવ...' ને ત્રણે હસીય પડ્યા. એ દિવસો તા શરદ પૂર્ણિમાનો.

શરદ પૂર્ણિમા.... આસો સુદ પૂનમની રાત... એમ કહે છે કે આ રાત્રીએ ચંદ્ર પૂર્ણ કળાએ ખીલેલો હોય છે અને એમાંથી વરસતી ચાંદની અમૃત સમાન હોય છે. શરદ પૂર્ણિમાની રાતે અગાસી પર ખુલ્લા મેદાનમાં જઈને જેમણે એ ચાંદનીને ઝીલી હોય એને જ એના થકી અનુભેલી શીતળતા અને પ્રેમસભર પળોનો અનુભવ હોય.

'ચાલ, ચાંદનીમાં નહાવા જઈએ.' એ સમયે અભિષેકે આશાને આવું કહેલું ત્યારે આશાને એમાં થોડી વધારે પડતી ચાંપલાઈ કે લુચ્ચાઈ લાગી હતી, પરંતુ ગામડા ગામની નદીને કાંઠે, જળના પ્રવાહની સ્થિરતામાં ચાંદનું પ્રતિબિંબ જોયું, નીરવ શાંતિમાં ચાંદ સાથે જોડાયેલા થોડા ગીતો સાંભળ્યા અને દોસ્તો સાથે અંતાક્ષરી રમ્યા એ પછી વહેલી સવારે છૂટા પડતી વખતે અભિષેકને એ સહજપળે ભેટી હતી ને કહ્યું હતું "આવી શીતળ ચાંદનીનો સ્પર્શ મને બારે મહિના તારા થકી મળશે એ શ્રધ્ધા છે." આંખોમાં આંખો મેળવીને કહેલા એ શબ્દોને અભિષેકે સાર્થક કર્યા હતા. પરણ્યા પહેલાના આશાના વર્ષો એક દોસ્ત તરીકે એ હંમેશા એની પડખે ઊભો રહ્યો, રોજ મળે કે ના મળે પણ સતત એ આશાના જીવનમાં પ્રેમ ને પ્રસન્નતા છવાયેલા રહે એ માટે પ્રાર્થના કરતો રહ્યો ને સમય આવ્યે પુરુષાર્થ સાથે યોગ્ય કર્મ પણ કરતો રહ્યો. વરસો વરસ વીતતા રહ્યા પણ બંનેની દોસ્તી અખંડ રહી એમ નહીં પણ સતત વધતી રહી.

આજે પાંચ-સાંત વર્ષો પછી ફરી એકવાર બંનેના પરિવારો અન્ય પારિવારિક દોસ્તો સાથે શરદ પૂર્ણિમા ઉજવવા એક ફાર્મમા આવ્યા હતા. અડધી રાથે બધા છૂટા પડ્યા પણ થોડા મિત્રો પુરી રાત્રીનો મીઠો ઉજાગરો કરી રહ્યા હતા, ગીત-સંગીતનો મદૂર ગણગણાટ ગુંજન બનીને પ્રસરતી રહ્યો હતો ત્યારે આ બંને શરદ પૂર્ણિમાની રાત્રીએ પહેલીવાર મળ્યા હતા ત્યારથી આજ સુધીની તમામ રાત્રીઓ જાણે અનુભવી રહ્યા હતા.

શરદ પૂર્ણિમા એટલે આકાશવાણી વરસતી ચાંદનીને અમાપપણે ઝીલવાનો અળસર રાસ-ગરબાની રમઝટમાં મ્હાલવાનો અવસર, દૂધ પૌંઆ કે ખીર ને અગાસીમાં ખુલ્લા મુકીને એમાં ચાંદનીના અમૃત રસને વરસવા દેવાનો અને પછી એને આકંઠ પીવાનો અવસર, લક્ષ્મીજી અને વિષ્ણુ ભગવાનની પૂજાનો અવસર, શરદ પૂર્ણિમા એટલે પરિવાર, પ્રિયજન કે સ્વજન સાથે ઘરમાં - બાગ - બગીચામાં કે ફાર્મ હાઉસને વીલામાં નિરાંતે બેસીને પ્રસન્નતાને પ્રેમથી ચાંદનીને વધાવવાનો અવસર.

શરદ પૂર્ણિમા આવે ને કિશોરાવસ્તાથી યુવા અવસ્થાને એ પ્રેમપૂર્ણ ને અર્થપૂર્ણ સ્પંદનોનું સ્મરણ થાય, ઊંધીયું, પૂરી-જલેબી, ગાંઠિયા ને મરચા સાથે દૂધ પૌંઆનો આનંદ યાદ આવે...

અભિષેક અને આશા પણ આવા જ સ્મરણોથી સભર થઈ રહ્યા હતા અને શરદ પૂર્ણિમાના અજવાળાને મૈત્રીની સાક્ષીએ ઝીલી રહ્યા હતા.

# ચાલને, ખાલી થઈ જવાની મજા માણી લઈએ!

વિચારયાત્રા

ડો. જય ઓઝા

આજે શું લખવું ? શું કહેવું ? કંઈ ખબર પડતી નથી. સાવ જ ખાલી થઈ ગયો છું. સંપૂર્ણ અવકાશ સર્જાયો છે. ના ભાઈ ના કોઈ ગુલઝારની લખેલી નઝમની જેમ ઉદાસ થઈ જવાથી ખાલી થઈ ગયો નથી પણ નવું મેળવવા માટે નવાને સ્થાન આપવા માટે આત્મા નિરીક્ષણ કરીને કેટલાક વણજોઈતા ખ્યાલો, સિદ્ધાંતો, પૂર્વગ્રહોને ખાલી કરવાની વાત છે.

ઘણીવાર ખાલીપો અનિવાર્ય પણ થઈ જતો હોય છે. જેટલું છે તેને આત્મસાત્ ન કરતા રહીને ઠાંસે રાખીએ તો ભરાવો થતો હોય છે અને ભરાતાં જતાં કચરાનો નિકાલ થવો જરૂરી છે.

વધારે પડતી માહિતી, વધારે પડતી સંવેદનાઓ કે પછી વેદનાઓ, વધારે પડતો ઉત્સાહ કે વળી વધારે પડતી ચાનક નુકસાન કરતી હોય છે. કારણકે અતિની ગતિ નથી હોતી અને માટે જ એવું લાગે છે કે આપણે આપણા મનને વીછળવાની આવશ્યકતા પડતી હોય છે. આ તો દિવાળી આવી એટલે યાદ આવ્યું કેમ માળીયામાંથી જૂનાં જૂનાં તાંબા-પિત્તળના વાસણોને ઉતારી ઉતારીને પિતાંબરીથી સાફ કરવામાં આવે છે તો પછી મનના આ જાળાઓને ક્યારે સાફ કરીશું !

નાના હતા ત્યારે ભગવાન બુદ્ધની ઝેન કથાઓ સાંભળતા એનો મતલબ સમજાતો નહીં. હા એમાં મુખ્યત્વે એક જ બાબત વારંવાર આવ્યા કરતી કે ખાલી થઈ જઈને પામો.

શીખતા રહેવું હોય તો જૂનુ કાઢતા રહેવું પણ જરૂરી છે. શિક્ષણશાસ્ત્રના માંધાતાઓ 'શીખવું, ભૂસવું અને ફરી પાછું શીખવું...આ બધી પદ્ધતિઓ વિશે પિષ્ટપેષણ કરતા રહે છે.'

પણ આજે તો મારે બસ ખાલી થઈ જવાની વાત કરવી છે. તમે કોઈની પાસે બેસીને ખાલી થઈ જઈ શકોને એવી સૌભાગ્યશાળી ક્ષણ બીજી કોઈ નથી.

નિરાંતનો શ્વાસ લઈને અજંપાનો અંધારપટ છોડીને, તૃષ્ણાનો તાપ ઓગાળીને, નવું જાણવાની જિજ્ઞાસા લઈને અહમને હોલવી નાખીને બસ નિખાલસ માણસ સાથે નિખાલસતાથી નિર્દોષતાની છોળો ઉડાડતા ખાલી થઈ જવું તે ખરેખર તો ચૈતન્યથી ભરાઈ જવા બરાબર છે.

કુંભાર એક જ પ્રકારના માટલાં ઘડે રાખે, કોડિયા બનાવે રાખે, વર્ષોના વર્ષો જતા રહે છે. Learn unlearn કર્યા કરવું કુદરતનો ક્રમ છે.

સફેદ માટલા આવ્યા કોડિયાના અલગ-અલગ ભાતના પ્રકાર આવ્યા તેથી જ તો આજે પણ દરેકના ઘરમાં રસોડાની શાન અને જાન તો માટીનું માટલું જ રહ્યું છે.

ખાલી થઈ જવું એટલે કંઈ એવું નથી કે આપણે આપણું સર્વસ્વ ખોઈ નાખવું. ખાલી થવું એટલે આપણે પોતાની મરજીથી આપણી વૈચારિક અભિવ્યક્તિને વધુ તીક્ષ્ણ બનાવવા માટે, તાર્કિક બનાવવા માટે પ્રયાસરત રહેવું.

મને સમજ નથી પડી એવી સમજ પડી જાય જે પણ ખૂબ મોટી સમજ તો છે જ ને!

અમે તમને કહ્યું તેમ આપણે પરંપરાગત અને અમુક બીબાઢાળ વિચારોને એટલી હદ સુધી ઘણીવાર જળોની જેમ વળગી ગયા હોઈએ છીએ કે જેની કોઈ સીમા નથી.

પરિવર્તનને સ્વીકારવાની આપણો સ્વભાવ બનાવવો જોઈએ અને પરિવર્તનને સ્વીકારવા માટેની પૂર્વશરત એ છે કે તમારા પૂર્વજ્ઞાનનો જે અહંભાવ છે તેને દૂર કરવો જોઈએ.

એક વખતની મોબાઈલની દુનિયામાં એક્કો ગણાતી કંપની એટલે નોકિયા. મોબાઈલનો સમાનાર્થી શબ્દ નોકિયા પડી ગયો હતો. તેણે એન્ડ્રોઇડ વર્ઝન ન સ્વીકારી ને એક તુમાખી ભર્યું પગલું ભર્યું જેની ફળશ્રુતિ એ થઈ કે આજે nokia નું નામ મોબાઈલની દુનિયામાંથી ખોવાઈ જ ગયું છે.

તેવી જ રીતે કેમેરાની દુનિયામાં સર્વશ્રેષ્ઠ એટલે કોડાક. કોડાક કંપનીએ પણ બદલાતી દુનિયામાં બદલાતા પરિવર્તનોને અપનાવવાના બદલે પોતાના જૂના જ્ઞાનને જ વધારે ધાર આપવાનું કાર્ય કર્યું અને આજે કોડાકનું નામો-નિશાન નથી.

દુનિયાનો કોઈપણ ઈતિહાસ ઉઠાવીને જોઈ લો કોઈપણ સંસ્કૃતિ ઉઠાવીને જોઈ લઈએ આપણી સંસ્કૃતિ આજે આવ્યા તે પડી ગયા આપણે તેમનું અપનાવ્યું તેમણે આપણું અપનાવ્યો અને મારગ આગળ ચાલ્યો. દરેક વસ્તુનો સ્વીકાર અને પરિવર્તનને આવકાર.

પણ ભૂતકાળના ભોરિંગ ભરાવી ભરાવીને મગજમાં ઠાંસી ઠાંસીને ભરી દીધા હોય. મન અને હૃદય જ્યારે કોઈ જ નવી વસ્તુ, નવી ઉષ્મા, નવી ચેતનાનો સ્વીકાર કરવાની અસમર્થતા જાહેર કરી દે ત્યારે તુમુલ યુદ્ધ થાય છે.

સાપની જેમ કાચળી ઉતારી નાખતાં આવડવી જોઈએ. પરિસ્થિતિ સાથે તાલમેલ સાધીને જૂનું એટલું સોનુની સાથે સાથે નવું એટલું હેમ તે પણ સ્વીકરવું જોઈએ.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# એ યુવાનનો પ્રગતિ માટેનો એક પ્રયાસ જબરજસ્ત કારગત નીવડ્યો

આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ગામડાં ગામમાં રહેતા એક ગરીબ પરિવારના હોનહાર યુવાનની પ્રગતિની કહાની છે. આ યુવાનના ગામની નજીક દર અઠવાડિયે આસપાસના ગામોના વહેપારીઓનું નાનકડું હાટ બજાર ભરાતું. એમાં જીવન જરૂરિયાતની વિવિધ સામગ્રી મળતી. હાટબજારમાં આ યુવાન પણ એના પિતાજી દ્વારા બનાવેલા માટીના

વાસણો વેચવા જતો. આ માટીના વાસણો એ દસ રૂપિયામાં નંગ લેખે વેચતો. એની બાજુમાં આવા જ માટીના વાસણો વેચતા બીજા વેપારીને એક દિવસ એણે પૂછ્યું 'તારા માટીના વાસણો મારા જેવા જ છે, છતાં ૫૦ રૂપિયામાં એક નંગ લેખે તું વેચે છે અને લોકો હોંશે હોંશે એ ખરીદીને લઈ પણ જાય છે. આવું કેમ ?ઞ

પેલા મિત્રએ યુવાનને હસીને કહ્યું 'માટીના વાસણો તો આપણા બંનેના સરખા જ છે પણ મેં એમાં થોડું પરિવર્તન કરીને દરેક વાસણો ઉપર અલગ અલગ ચિત્રકામ કર્યું છે. આ ચિત્રકારીને કારણે લોકો મારા વાસણોના વધારે દામ આપે છે.' યુવાનના મનમાં સ્પાર્ક થયો. એના વેપારની પ્રગતિ માટેનો નવો માર્ગ મળ્યો. યુવાને મનોમન વિચારી લીધું કે, હવે પિતાજીના બનાવેલા માટીના વાસણો ઉપર એ પણ ચિત્રકારી કરીને અપગ્રેડેશન કરશે. એણે આ કામ સરસ રીતે કર્યું. પરિણામ એ આવ્યું કે, એક અઠવાડિયા પહેલાં જેટલો નફો એ રળતો હતો એના કરતાં પાંચ ઘણો નફો એ રળવા લાગ્યો. પ્રગતિ માટેનો આ એક પ્રયાસ કારગત નીવડ્યો.

પ્રગતિ એટલે ઉન્નતિ, પ્રગતિ એટલે પરિવર્તન અને પ્રગતિ એટલે વિકાસનો નક્કર વિચાર. સ્વામી વિવેકાનંદના શબ્દોમાં કહીએ તો 'પ્રગતિ અને વિકાસ જીવનનું સાચુ તત્વ છે, સંકોચ અને સ્થગિતતા એ મૃત્યુ છે.' પ્રત્યેક સમયની માંગ છે કે, મુશ્કેલીઓનો હિંમતપૂર્વક સામનો કરીને નવા પરિવર્તનોને ખુલ્લા મને સ્વીકારવામાં આવે તો પ્રગતિપથના દરવાજા ઝડપથી ખૂલવા માંડે છે.

જગતમાં અત્યંત લોકપ્રિય એવા પાંચ ચિંતકોની મને ગમતી આઠ ચિંતન કણિકાઓનો આ યુવાનની કથાની સાથે સુપેરે તાલમેલ બેસતો હોય એમ લાગે છે. સૌથી પહેલા તો વિશ્વમાં સોથી વધુ વંચાયેલા અને લોકોના હૃદયમાં સૌથી વધુ સ્થાન પ્રાપ્ત કરેલા ચિંતક, લેખક, વિલિયમ સેક્સપિયરની ત્રણ વાતનો ઉલ્લેખ કરવો છે. મને પ્રિય એવું પ્રથમ ચિંતનમાં તો એ કહેતાં કે, કોઈની લાગણીઓ સાથે ક્યારેય રમત રમવી ન જોઈએ. એનું સીધું કારણ એ છે કે, કદાચ એ રમતમાં તમારી જીત થઈ શકે છે પરંતુ સામે વાળી વ્યક્તિને હમેશા માટે ખોઈ બેસવાનો વારો આવે છે. પ્રગતિ માટે સેક્સપિયરનું આ વિચારવલોણું સદાય માનસપટ ઉપર તરોતાજા રાખવા જેવું છે.

આ ઉપરાંત સેક્સપિયરે બીજો એક દાદુ વિચાર એ પણ આપ્યો છે કે, પ્રત્યેક હસતાં ચહેરા પાછળનો અર્થ એ નથી કે, એના જીવનમાં કોઈ દુઃખ કે તકલીફ છે જ નહીં. હકિકતમાં તો આવા લોકોને દુઃખ અને તકલીફો સાથે દોસ્તી કરતાં આવડી ગઈ છે. મુશ્કેલીઓ સાથે જે લોકો હસતાં મોએ પનારો પાડી શકતા હોય છે એ આસાનીથી આગળ વધી શકતા હોય છે. મને ગમતું એમનું ત્રીજું ચિંતન એ છે કે, છૂટા સિક્કાઓનો અવાજ મોટો હોય છે. જ્યારે ચલણી નોટોનો અવાજ નથી હોતો. જ્યારે વ્યક્તિનું મુલ્ય વધે ત્યારે એ શાંત, સ્થિર અને સૌમ્ય બન જતો હોય છે.

જગતનો મહાયોદ્ધા નેપોલિયન બોનાપાટ એક સુંદર વિચાર આપી ગયા કે, ખરાબ લોકોના તોફાનથી નહિં પરંતુ સારા લોકોના મૌનથી આ જગતને ઘણું સહન કરવું પડ્યું છે. એવો જ એક મજબૂત વિચાર ચિંતક અને વૈજ્ઞાનિક આલબર્ટ આઈનસ્ટાઈને આપ્યો કે, 'મારી આવશ્યકતા વખતે જે લોકો મારી પડખે ઊભા ન રહ્યાં અને મને સહાય કરવાની ના પાડી એમના ઉપકારને કારણે આટલો આગળ વધી શક્યો.ઞ જીવનમાં આગળ વધવા માટે, પ્રગતિનો પથ સર કરવા માટે નેપોલિયન બોનાપાટનું આ ભ્રહ્મવાક્ય જીવનનો નિચોડ રજૂ કરે છે.

જે વ્યક્તિની કમજોરી મિત્રો છે, તો નિઃસંદેહ પણે એમ સમજી લેવું કે એ વ્યક્તિ દુનિયાનો સૌથી શક્તિશાળી વ્યક્તિ છે. અબ્રાહમ લિંકનનો આ વિચાર વિકાસ માટેનું અમૃતમંથન કહી શકાય. જ્યારે વિલિયમ આર્થરનું એક મજાનું ચિંતન એવું છે કે, 'આવેલી તક હંમેશા ઉગતા સૂર્ય જેવી હોય છે. જો લાંબો સમય એની રાહ જોવામાં આવે તો એ અવશ્ય જતી જ રહેવાની છે.ઞ એડોલ્ફે એક સુંદર વિચાર રજૂ કરતાં કહ્યું છે કે, જ્યારે વ્યક્તિ પ્રકાશમાં હોય ત્યારે સૌ કોઈ એની સાથે દેખાય છે. પણ જેવો એ વ્યક્તિ નીચે અંધારામાં પટકાય કે તરત એની સાથે સતત રહેતો પડછાયો પણ એનો સાથ છોડી દેતો હોય છે. એનો અર્થ એ કે, સત્તા, પૈસા અને જ્ઞાનથી જ્યાં સુધી વ્યક્તિ ઉન્નત છે ત્યાં સુધી લોકો એની આજુબાજુ મંડરાતા જ રહેશે. પણ જેવો એ નિષ્ફળતાની ખાઈ બાજુ સરકશે કે તરત એક પછી એક લોકો એનો સાથ છોડીને જતા રહેશે.

જે પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય એ દિશામાં જોવાની શરૂઆત આજથી જ કરી દેવી જોઈએ. જે જોયું કે વિચાર્યું જ નથી એ મળવાનો ક્યાં કોઈ ઉપાય છે ? પ્રગતિની અભિપ્સા અને શોધ સ્વયં શરૂ કરવી પડે. ક્યારેય અટકવાનુ નામ ન લેવુ અને જો અટકાય તો એ સમયમાં શિખવાની તમન્ના રાખવી. જે નિરંતર શિખવાની સમજણ રાખે છે એ પ્રગતિ કરે છે. પરિવર્તન વગર પ્રગતિનો પથ કદી કંડારી શકાતો નથી, જે વ્યક્તિ પરિવર્તન નથી સ્વીકારી શકતો એ ક્યારેય કશુ કરી શકતો નથી.

**ધબકાર :**

**એક તકલિફના બીજી તકલિફ તરફનુ પ્રયાણ પ્રગતિ છે.**